રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.
"સભાસદ ભવન", ૧ મનહર પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨ ફોન નં. ૦૨૮૧-૨૪૮૦૯૪૨-૩-૪, ઈ-મેઈલ: rpcbho@rpcbank.in

Ref. : RPCB / CIR / 042 / 2023-24
Date : 30.10.2023

**તમામ શાખાઓને પરિપત્ર**

**વિષય :** **Fair Lending Practice - વિવિધ લોન / ધિરાણ ખાતાઓમાં લેવામાં આવતા ફિક્સ અથવા ફ્લોટિંગ વ્યાજ દર બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિવિધ લોન/ધિરાણ ખાતાઓમાં લેવામાં આવતા ફિક્સ અથવા ફ્લોટિંગ વ્યાજ દર બાબતે બોરોવરને વિકલ્પ આપવા તેમજ EMI અથવા ધિરાણની મુદ્દત અથવા બંનેમાં થતાં ફેરફારોની સંભવિત અસરોની બોરોવરને જાણ કરવા બાબતે તા.18.08.2023 ના પરિપત્ર નં. RBI/2023-24/55 DOR.MCS.REC.32/01.01.003/ 2023-24 અન્વયે RBI દ્વારા બેન્કોને નીચે મુજબની માર્ગદર્શિકા આપવામાં આવેલી છે.

1. ઉપરોક્ત પરિપત્ર મુજબ RBI દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા માત્ર ફ્લોટિંગ રેટથી મંજૂર કરવામાં આવતા લોન/ધિરાણોના કિસ્સામાં જ લાગુ પડશે.

2. EMI આધારિત ફ્લોટિંગ રેટથી લોન મંજૂર કરતી વખતે લોનની મુદ્દત દરમિયાન બાહ્ય બેન્ચમાર્ક દરમાં સંભવિત વધારાની સ્થિતિમાં લોનની મુદ્દતમાં વધારો અને/અથવા EMIમાં વધારા માટે પર્યાપ્ત હેડરૂમ/માર્જિનની ઉપલબ્ધતાની ખાતરી કરવા માટે બેંક દ્વારા બોરોવરની પુનઃચુકવણીની ક્ષમતા(Repayment Capacity) ને ધ્યાનમાં લેવાની રહેશે.

3. લોન પરના વ્યાજ દરમાં ફેરફારને કારણે EMI પર થનાર સંભવિત અસર અને /અથવા મુદ્દતમાં ફેરફારને કારણે EMI પર થનાર સંભવિત અસર અથવા વ્યાજદર અને મુદ્દત બંનેમાં ફેરફારને કારણે EMI પર થનારી સંભવિત અસરો વિશે બોરોવરને લોન મંજૂર કરતી વખતે બેંક દ્વારા સ્પષ્ટપણે જાણ કરવાની રહેશે.

4. ઉપરોક્ત પ્રકારના ફેરફારોને કારણે EMI /મુદ્દત અથવા બંનેમાં કોઈ પણ પ્રકારનો વધારો થાય તો બોરોવરને SMS/Email/ફોન/પત્ર દ્વારા તેની તાત્કાલિક જાણ કરવાની રહેશે.

5. વ્યાજના દરોના રિશેડ્યૂલિંગ સમયે ફ્લોટિંગ રેટમાંથી ફીક્સ રેટમાં જવા માટે બેંક દ્વારા બોરોવરને વધુમાં વધુ બે વખત વિકલ્પ આપવાનો રહેશે અને બેંક દ્વારા અન્ય બેંકોના ધીરણો પરના વ્યાજદરનો તુલનાત્મક અભ્યાસ કરીને નક્કી કરવામાં આવે તે વ્યાજ દર મુજબ ફિક્સ રેટમાં સ્વિચ કરવા માટે બોરોવરને વિકલ્પ આપવાનો રહેશે.

6. લોન/ધિરાણ ખાતામાં વ્યાજદર ઘટાડવા કે ફ્લોટિંગ રેટમાંથી ફીક્સ રેટમાં જવા માટેના વિકલ્પ પેટે મંજુર/રિવ્યુ કરવામાં આવેલી લીમીટના લાખ દીઠ ₹.૮૦/- પરંતુ મીનીમમ ₹.૩૦૦/- મુજબ અથવા બેંક દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તે મુજબ બોરોવર દ્વારા પ્રોસેસીંગ ચાર્જ/સર્વિસ ચાર્જ ચુકવવાનો રહેશે.

7. EMI માં વધારો અથવા મુદ્દતમાં વધારો અથવા સંયુક્ત રીતે બંનેમાં વધારો કરવા માટે બોરોવરને પસંદગીનો વિકલ્પ આપવાનો રહેશે.

P.T.O....

8. લોનની મુદત દરમિયાન કોઈપણ સમયે આંશિક અથવા સંપૂર્ણ પણે પૂર્વચુકવણી(Prepayment) માટે બોરોવરને પસંદગીનો વિકલ્પ આપવાનો રહેશે અને બેંક દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવતા ચાર્જીસ પૈકી નીચે મુજબના સેડ્યુલ મુજબ ફોરક્લોઝર / પ્રિ-પેમેન્ટ ચાર્જ બોરોવર પાસેથી વસૂલ કરવાના રહેશે. (હાઉસિંગ લોન ખાતામાં આવો ચાર્જ વસૂલ કરવાનો નથી)

| - ખાતુ ખોલાવ્યા બાદ છ માસની અંદર બંધ કરવામાં આવે અથવા અન્ય બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવે તો જ પ્રી-પેમેન્ટ ચાર્જીસ વસુલ કરવા.<br>- **નોંધઃ રૂા.૨૫,૦૦૦/- સુધી પ્રાયોરીટી સેકટર ધિરાણ હેઠળ ચાર્જ વસુલ કરવાનો રહેશે નહી.** | પ્રી-પેમેન્ટ **ચાર્જીસ** |
|---|---|
| રૂા. ૨૫,૦૦૧ થી રૂા. ૫૦,૦૦૦ સુધી... | ૬૦/- |
| રૂા. ૫૦,૦૦૧ થી રૂા. ૧,૦૦,૦૦૦ સુધી... | ૯૦/- |
| રૂા. ૧,૦૦,૦૦૧ થી રૂા. ૨,૦૦,૦૦૦ સુધી... | ૧૨૦/- |
| રૂા. ૨,૦૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦ સુધી... | ૧૫૦/- |
| રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી... | ૩૫૦/- |
| રૂા. ૧૦,૦૦,૦૦૧ થી રૂા. ૨૫,૦૦,૦૦૦ સુધી... | ૪૦૦/- |
| રૂા. ૨૫,૦૦,૦૦૧ થી રૂા. ૫૦,૦૦,૦૦૦ સુધી... | ૫૦૦/- |
| રૂા. ૫૦,૦૦,૦૦૧ થી રૂા. ૭૫,૦૦,૦૦૦ સુધી... | ૮૦૦/- |
| રૂા. ૭૫,૦૦,૦૦૧ થી રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ સુધી... | ૧,૦૦૦/- |
| રૂા. ૧,૦૦,૦૦,૦૦૧ થી વધુ ..... | ૧,૨૦૦/- |

9. ઉપરોક્ત મુદ્દા નંબર ૬ અને ૭ મુજબના ચાર્જિસ અને સમયાંતરે કરવામાં આવતા ફેરફારોની વિગતો મંજૂરી પત્રમાં પારદર્શક રીતે દર્શાવવાના રહેશે.

10. ફ્લોટિંગ રેટના કિસ્સામાં સમયગાળો વધારવાથી નકારાત્મક એમોર્ટાઇઝેશન ન થાય તે બેંક દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે.

11. દરેક ત્રિમાસિક ગાળાના અંતે સરળ અને સમજી શકાય તેવું લોન/ધિરાણ ખાતાનું સ્ટેટમેન્ટ બેંક દ્વારા ઈ-મેઈલ અથવા અન્ય યોગ્ય ચેનલ્સ મારફતે બોરોવરને આપવાનું રહેશે. લોન/ધિરાણ ખાતાના સ્ટેટમેન્ટમાં બોરોવર દ્વારા ભરવામાં આવેલી કુલ રકમ પૈકી મુદ્દલ અને વ્યાજ પેટે વસૂલ કરવામાં આવેલ રકમની વિગત, EMIની રકમ, બાકી રહેલા EMIની સંખ્યા અને લોનની સંપૂર્ણ મુદ્દત માટે વાર્ષિક વ્યાજ દર/વ્યાજ દર દર્શાવવાના રહેશે.

12. EMI વાળી લોન ઉપરાંત વિવિધ સમયગાળાની તમામ EMI આધારિત લોનને પણ ઉપરોક્ત સૂચનાઓ યોગ્ય ફેરફારો સાથે લાગુ પડશે.

13. મંજૂર કરવામાં આવતા દરેક પ્રકારના લોન/ધિરાણ ખાતાના મંજૂરી પત્ર <u>ત્રણ નકલ</u>માં તૈયાર કરવાના રહેશે. તે પૈકી એક નકલ બોરોવરને, એક નકલ 'ધીરેલા નાણાંની કબૂલાત' સાથે અને એક નકલ બોરોવરની ફાઈલમાં રાખવાની રહેશે.

14. ઉપરોક્ત સૂચનાઓ વર્તમાન તેમજ નવી લોન પર તા.૩૧.૧૨.૨૦૨૩ સુધીમાં યોગ્ય રીતે લાગુ કરવાની રહેશે.

RBI ની ઉપરોક્ત માર્ગદર્શિકાનો અભ્યાસ કરીને કાળજીપૂર્વક સમય મર્યાદામાં ચુસ્તપણે અમલ કરવાની આથી સૂચના આપવામાં આવે છે.

**એમડી & સીઈઓ**